R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Februarry - 2016

Total - 44 Pages

Vol No. 59 Issue No. 11



# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
# દાનની યાદી

- શ્રીમતી દમયંતીબેન પ્રવિણચંદ્ર શાહ (ઝાટ) તરફથી રૂા. ૧૧,૦૦,૦૦૦/- ના માતબર દાનનું વચન પ્રાપ્ત થયુ છે જે સ્કીમનું નામ છે Treatment for orthapadic surgery.
- શ્રીમતી સુધાબેન કંચનલાલ કડકીઆ (લટકારી) હસ્તે શ્રીમતી મનિષાબેન નીલેશભાઈ કડકીઆ (લટકારી) તેમના પૌત્રના લગ્ન પ્રસંગે રૂા. ૨,૫૦,૦૦૦/- નું વચન પ્રાપ્ત થયું છે પ્રિયજેને હોલ માટે.
- શ્રીમતી અમીબેન તથા શ્રી તુષારભાઈ નટવરલાલ ધારીઆ (બલબલ) રૂા. ૧,૦૦,૦૦૦/- તેમના પુત્ર કુનાલના લગ્ન પ્રસંગે ક્રિકેટ એક્ટીવીટી માટે આપેલ છે.
- શ્રીમતી સીમાબેન તથા શ્રી યોમેશ નટવરલાલ શાહ (ઝાટ) તરફથી રૂા. ૫૦,૦૦૦/- તેમના પુત્ર નીલના લગ્ન પ્રસંગે ક્રિકેટ એક્ટીવીટી માટે વચન પ્રાપ્ત થયું છે.
- શ્રીમતી મણીબેન રમણલાલ મોદી (ભટ્ટી) પુરસ્કૃત પુસ્તક યોજના હેઠળ રૂા. ૨૫,૦૦૦/- નું દાન પ્રાપ્ત થયું છે. હસ્તે: શ્રી સુધીરભાઈ રમણલાલ મોદી (ભટ્ટી)
- શ્રીમતી સ્વાતીબેન તથા શ્રી ઉમેશભાઈ ચીમનલાલ પરીખ (ભગત) તરફથી રૂા. ૨૧,૦૦૦/- તેમના પુત્ર ધરીતના લગ્ન પ્રસંગે આપવાનું વચન પ્રાપ્ત થયું છે.
- શ્રીમતી ભાર્ગવી ધરીત પરીખ (ભગત) હસ્તે શ્રીમતી સ્વાતીબેન ઉમેશભાઈ પરીખ તરફથી રૂા. ૧૧,૦૦૦/- દિવાળી પર્વ આર્થિક રાહત યોજના માટે વચન પ્રાપ્ત થયું છે.

સંસ્થા, દાતાઓ તથા તેમના પરિવારજનોનો આભાર માને છે.

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૯ | ૧૧ | ૨૦-૦૨-૨૦૧૬ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

# સ્કીલ ડેવલપમેન્ટ

**મુંબઈમાં સૌ પ્રથમવાર નવતર પ્રયોગ**
**એજ્યુકેશન + જોબ પ્લેસમેન્ટનો સુપર ફંડા.**

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

**''યુવાનોને આ લેખ જરૂરથી વંચાવો અથવા વાંચી સંભળાવો.**

**- કોઈપણ કારણસર વધુ અભ્યાસ ન કરી શકેલા અથવા ગ્રેજ્યુએશન પછી પણ કંઈક નવું શિખવા ચાહતા વિદ્યાર્થીઓ માટે અમૂલ્ય તક.**

**- કૌશલ્યકળા શિખો, વિકસાવો અને લટકામાં નામાંકિત બેંક, મલ્ટીનેશનલ કંપનીમાં જોબ પ્લેસમેન્ટ મેળવો તદ્દન મફતમાં !!!**

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામાંકિત આઈ. સી. આઈ. સી. આઈ. બેંકના MD, CEO શ્રીમતી ચંદા કોચરે આઈ. સી. આઈ. સી. આઈ. એકેડમી ફોર સ્કીલ્સના ઉદ્દઘાટન સમારોહમાં દિપ-પ્રાગટય કરતાં જ સમગ્ર સભાગૃહ તાળીઓના ગુંજારવથી ગુંજી ઊઠયું. મુંબઈ ખાતે ભલે આ પહેલી એકેડમી હોય પરંતુ આ બેંકે ૨૦૧૪ના વર્ષમાં પહેલી એકેડમી જયપુર ખાતે સ્થાપી હતી અને આ તેમનું ૨૨મું સેન્ટર છે. દેશના, સમાજના યુવાનોનું કૌશલ્ય વિકસાવવા આ બેંકે તદ્દન નવાક્ષેત્ર માં હરણફાળ ભરી છે. સમાજને લગતા આ કાર્યને બેંક CSR એક્ટીવીટી તરીકે ઓળખાવે છે. એટલે કે કોર્પોરેટ સોસીયલ રિસ્પોન્સીબીલીટી.

સમાજના યુવક-યુવતીઓ માટે આ સોનેરી તક છે. જે વિદ્યાર્થીનો પોતાના જીવનકાળ દરમ્યાન અભ્યાસ અધૂરો રહ્યો હોય, ક્યાંય જોબ ન મળતી હોય, કારણ કોઈ પણ હોય તે દરેકને પોતાની આંતરિક શક્તિઓ,

કૌશલ્ય વિકસાવવા આઈ. સી. આઈ. સી. આઈ બેંક આવકારે છે.

જે ફેમિલીની ઈન્કમ અઢી લાખથી ઓછી હોય તેવા કોઈપણ કુટુંબના યુવક/યુવતીઓને અહીં અભ્યાસ સાથે ટ્રેઈનીંગ આપવામાં આવે છે. ત્રણ મહિના (લગભગ ૭૨ દિવસ)ની આ ટ્રેઈનીંગમાં યુવકે ટેકનીકલ અથવા નોનટેકનીકલ ક્ષેત્ર પસંદ કરવાનું રહે છે. પાંચ પ્રકારના કોર્સ માંથી કયો કોર્સ કરવો છે તેની પસંદગી કરવાની છે. બેંકની અંધેરી (ઈસ્ટ)ની ઓફિસમાં સવારના અને બપોરના બેચ કાર્યરત છે. સવારે ૭.૩૦ થી બપોરે ૧૨.૩૦ સુધીનો પહેલા બેચ છે જેમાં કુલ પાંચ કલાસ છે. એક કલાસ માં પચાસ યુવક યુવતીઓને લેવામાં આવે છે. નિશુલ્ક, કોઈપણ જાતની ફી લીધા વગર. સવારના બેચ વાળાને ત્યાં જ જમવાની સગવડ હોય છે નિશુલ્ક. બપોર નો બેચ ૧.૩૦ થી સાંજે ૬.૩૦ વાગ્યા સુધી હોય છે. અહીં અભ્યાસ સાથે નિશુલ્ક બ્રેક ફાસ્ટ અપાય છે. આ બેચમાં પણ પાંચ કલાસ છે. ટ્રેઈનીંગ માટે પચાસ થી વધુ કોમ્પ્યુટર ધરાવતો એક અલાયદો કલાસ છે. અહીં આવનાર દરેક સ્ટુડન્ટને બેંક તરફથી અભ્યાસ દરમ્યાન પહેરવાના બે યુનિફોર્મની જોડી, એક જોડી શુઝ ફ્રી (નિશુલ્ક) આપવામાં આવે છે. પટના, જયપુર, મુંબઈ વગેરેમાં દાખલ થનાર વિદ્યાર્થીઓ માટે કે જેની પાસે ઘર નથી, રહેવાની સગવડ નથી તેવા વિદ્યાર્થીને તપાસ કરી બેંક અભ્યાસના સમયગાળા દરમ્યાન રહેવાની સગવડ કરી આપે છે નિશુલ્ક.

વિદ્યાર્થીઓને જે શિખવે છે તે દરેક શિક્ષકની શ્રીમતી ચંદા કોચરની દેખરેખ હેઠળ ૬ થી ૭ વર્ષની તાલીમ અપાય છે. આવા ટ્રેઈન થયેલા શિક્ષકો યુવાનો નો જે તે ક્ષેત્રમાં સર્વાંગીક વિકાસ કરે છે. ૭૨ દિવસના અભ્યાસ પછી બેંક તરફથી સર્ટિફિકેટ આપવામાં આવે છે. બેંક પોતે જ રસ લઈને ૭૩માં દિવસથી જે તે વિદ્યાર્થીને નામાંકિત બેંક અથવા મલ્ટીનેશનલ કંપનીમાં જોબ પ્લેસમેન્ટ કરાવી આપે છે. યુવકોને કમાતા કરી દે છે.

મુંબઈના અંધેરી સેન્ટરની મુલાકાત દરમ્યાન **ચંદીગઢ** સેન્ટરથી અહીં શિખવવા આવેલી ચબરાક અને ચપળ મેડમ જીસ્ટો ને મેં પૂછયું ટ્રેઈનીંગ દરમ્યાન તમારો અનુભવ કેવો રહ્યો ? પૂરેપૂરા ઉમળકા અને ઉત્સાહ સાથે તેણે કહયું, અમે વિદ્યાર્થીઓને થિયરી કરતા પ્રેકટીકલ નોલેજ વધુ પૂરૂં પાડીએ છીએ. તેમજ અમે વિદ્યાર્થીઓને માર્કેટથી રૂબરૂ કરાવીએ છે. માર્કેટમાં શું ચાલી રહયું છે તેની સમજ આપીએ છીએ. અહીંથી બહાર પડનાર વિદ્યાર્થીમાં ગજબનો આત્મવિશ્વાસ હોય છે જેનું શબ્દોમાં વર્ણન કરવું મુશ્કેલ છે. અહીં આવનાર વિદ્યાર્થીને સમજાય છે, શિખવા મળે છે કેવા કપડાં પહેરવા, કેવું ખાવું પીવું, કેમ ઉઠવું બેસવું, વર્તણુક, રીતભાત વગેરે શીખી જઈને દેશ-દુનિયા સાથે કદમ મિલાવવા તત્પર થઈ જાય છે. ઔદ્યોગિક વ્યવસાય સંબંધીત કોર્સ નીચે ચાર્ટમાં દર્શાવ્યા છે તેમજ અન્ય વિગત વાંચી ભવિષ્યને ઉજવળ બનાવવા તત્પર થાઓ.

**ચાર્ટ ક્રમાંક -૧**

**અભ્યાસ ક્રમ:**

- ઓફિસ એડમિનિસ્ટ્રેશન
- સેલિંગ સ્કીલ્સ

**વિશિષ્ટ**

- ૩ મહિનાનો અભ્યાસક્રમ
- જમવાની વ્યવસ્થા

**પાત્રતા:**

- **વય મર્યાદા :** ૧૮ થી ૨૬ વર્ષ
- શિક્ષણ ૧૦ ધોરણ થી ગ્રેજ્યુએટ

**આવશ્યક કાગળ – પત્ર**

- બે પાર્સપોર્ટ સાઈઝ ફોટા
- ફોટો ID અને એડ્રેસ પ્રુફ
- ચાલુ (લેટેસ્ટ) શૈક્ષણીક સર્ટિફિકેટ

**ચાર્ટ ક્રમાંક – ૨**

**અભ્યાસક્રમ**

- ઈલેકટ્રીકલ એપ્લાયન્સ રિપેર

- ફ્રીઝ અને એસી રિપેર
- ટુ અને થ્રી વ્હીલર સર્વિસ ટેકનીશીયન

**વિશિષ્ટ**

- ૩ મહિનાનો અભ્યાસ ક્રમ
- જમવાની વ્યવસ્થા

**પાત્રતાઃ**

- વય મર્યાદા : ૧૮ થી ૨૬ વર્ષ
- શિક્ષણ : ધોરણ ૮ થી ધોરણ ૧૨ પાસ

**આવશ્યક કાગળપત્ર**

- બે પાસપોર્ટ સાઈઝ ફોટા
- ફોટો આઈ. ડી. / રહેઠાણનું પ્રુફ
- ચાલુ (લેટેસ્ટ) શૈક્ષણિક સર્ટિફિકેટ

**પ્રવેશ કેન્દ્ર અને સંપર્ક વિભાગ**

આઈ. સી. આઈ. સી. આઈ એકેડેમી ફોર સ્કીલ્સ

આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ, ન્યુ હેવેન્સ એન્ટરપ્રાઈઝ, ૪૯/ એચ, પારસી પંચાયત રોડ, સોના ઉદ્યોગ ભવનની પાસે, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૬૯

ઓફિસનો સમય ૧૦.૦૦ થી ૬.૦૦, ફોનઃ ૯૯૭૦૭૨૧૬૫૫, ૯૩૨૫૫૨૪૭૪૭

અંધેરી (ઈસ્ટ)માં ઓલ્ડ નાગરદાસ રોડ, ૫૨ સીધા જ લગભગ ૨૦ મિનિટમાં પહોંચી જવાય છે.

## બેસ્ટ ઓફ લક.

**તંત્રી મંડળઃ**

અમને જણાવતાં ગર્વ થાય છે કે મનીષા નિમીષ શાહ (ઉજડાવાલા)ને આ મહિનાથી અમે અમારી તંત્રી મંડળની ટીમમાં સામેલ કરીએ છીએ.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

# શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારિયા (રંગુનવાલા)

પુરસ્કૃત

# ''ઉપનગર વિભાગ'' બીજો પ્રોગ્રામ

# (ગુજરાતી નવું નાટક)

## યોજે છે

**તારીખ : ૨૭-૩-૨૦૧૬ને રવિવારે – સમયઃ સવારે ૧૦.૦૦ કલાકે**

**સ્થળઃ પ્રબોધન ઠાકરે, ચામુંડા સર્કલ, બોરિવલી (વેસ્ટ)**

**ટિકીટનું વિતરણઃ** વહેલો તે પહેલા ધોરણે બંધ કવરમાં મળશે.

**ટિકીટનો ચાર્જઃ** રૂા. ૬૦ અને બાલ્કનીના રૂા. ૪૦ છે.

**એક વ્યક્તિને ચાર ટિકીટ મળશે. તા. ૧૩-૩-૨૦૧૬ સવારે ૧૦ થી ૧૨**

**સ્થળ:**

(૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ :**
૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪,

**વાંદરા થી જોગેશ્વરી સુધી**

(૨) **શ્રી અજય પ્રવીણચંદ્ર દોશી :**
બી/૧૨, નવ શિલ્પવાની લલ્લુભાઈ પાર્ક, અંધેરી (વેસ્ટ), મો. ૯૮૧૯૩૪૮૫૬

**ગોરેગાંવ થી કાંદિવલી**

(૩) **શ્રીમતી કોકીલાબેન હીરાલાલ પરીખ (ડાબલી) :**
એ/૨૪, કૈલાસ નગર, શંકર ગલ્લી, કાંદિવલી (વેસ્ટ), શ્રેયાંષ પરીખ - ૯૮૨૧૦૯૮૯૦૧

**બોરિવલી થી વિરાર**

(૪) **શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા):**
સી/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરિવલી (વેસ્ટ), મો. ૯૮૨૦૦૧૧૫૮૬

વિતરણના દિવસે ટીકીટ વધશે તો બીજે દિવસે મળશે. સ્થળઃ મયુર ટ્રેડીંગ કોરપોરેશન ૧૫૮/૧૬૦, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩, ટેલીફોન નં. ૨૩૪૨૮૭૮૫

આ કાર્યક્રમ માણનારનો આનંદ જળવાઈ રહે માટે સૌ આમંત્રિત અને પ્રેક્ષકોને સમયસર હાજર રહેવા નમ્ર વિનંતી.

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી** **સંયોજક : શ્રી વસંત નટવરલાલ દેસાઈ**

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

ઉપરોક્ત મંડળની કારોબારીની બેઠક તા. ૨૩-૧૨-૧૫ના બુધવારે સાંજે મળી હતી. વિવિધ એજન્ડા પર ચર્ચાવિચારણા કરવામાં આવી હતી. વાર્ષિક સામાન્ય સભા, મંત્રી નિવેદન, ચૂંટણી પંચના અધ્યક્ષની નિમણુંક, ફારેગ થતા સભ્યોની યાદી વગેરે વગેરે.

ઉપરોક્ત મંડળની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૫-૩-૨૦૧૬ના મંગળવારે સાંજે ૪.૩૦ કલાકે પી.વી. વિદ્યાલય પાર્થના ખંડમાં રાખવામાં આવી છે. બાલાસિનોર આવનાર દરેક સભ્યોને સભામાં હાજર રહેવા વિનંતી.

## શ્રી ગોકુલનાથજી મંદિર

સર્વ બાલાસિનોર વાસીઓને જણાવવાનું કે શ્રી ગોકુલનાથજી મંદિર ટ્રસ્ટનું નવું મકાન 'કલાસદન' મદાની શેરીમાં બનાવવામાં આવ્યું છે. જેમાં બાલાસિનોરવાસીને ઉતારાની સગવડ જોઈતી હોય તો અગાઉથી નીચે જણાવેલ ફોન નંબર પર સંપર્ક કરી સગવડ કરી લેવી.

શ્રી મણીકાન્ત - ૦૯૮૨૫૩૪૨૯૪૧,

શ્રી પોપટલાલ - ૦૯૮૨૪૩૧૫૯૧૪

**- શ્રી મણીકાન્તભાઈ કડકીઆ**

**શ્રી ગોકુલનાથજી મંદિર ટ્રસ્ટ**

# કિર્તન તથા રસીયા

- નિમીષા જી. કડકીઆ (મરઘા)

કિર્તન

રાગ : વસંત તાલઃ ધમાર

**આજ વ્રજમેં હોરી રે રસિયા, હોરી રે હોરી બરજોરી રે।**
**ઉતતે આયે કુંવર કન્હૈયા, ઈતતે રાધા ગોરી રે ।।૧।।**
**ઉડત અબીર, ગુલાલ, કંકુમાં કેશર, ગાગર ઢોરી રે... રસિયા ।।**
**બાજત તાલ મૃદંગ બાંસુરી ઓર નગારે કી જોરી રે... રસિયા।**
**કૃષ્ણ જીવન લચીરામ કે પ્રભુસો ફગુવા લિયો ભર ઝોરી રે ।।૨।।**

**રસિયા**

**૧) તેરે લાલાને રંગ ડાર્યો યશોદા મૈયા**

તેરે લાલાને રંગ ડાર્યો યશોદા મૈયા
ચટક ચુંદરી સબકી બિગાડી, આંખને પિચકારી મારી
મોંઢો ગુલાલ કર ડાલો યશોદા મૈયા ... ૧
બહુત બરજોરી મૈયા મોસો કીનો, પકર શ્યામને ધરતી પે દીનો
લેંધાકો તોડ દીયો નારો યશોદા મૈયા ...૨
મારી શરમકી મેં તો મર ગઈ, નેક દયા નહીં લાયો નિર્દયી
પીયા લડેગો હમારો યશોદા મૈયા ...૩
મુસ્કાયે તબ બાંકે બિહારી, સોચ કરે મનમેં વ્રજનારી
યે કાના હૈ બંસીવાલા યશોદા મૈયા ...૪

**(૨) કાના પિચકારી મત માર**

કાના પિચકારી મત માર
મેરે ઘર સાસ લડેગી રે,
સાસ ડુકરીયા મેરી ખોટી
ગારી દેગી ના દેગી મોહે રોટી
દેરાણી, જેઠાણી મેરી જનમકી બેરન સુબા કરેગી રે... કાના...૧
જાય જાય જૂઠ પિયાસો બોલે
એકકી ચાર, ચાર કી સોલે
નનંદ બડી બદમાસ પિયાકે કાન ભરેગી રે.. કાના ...૨
કછૂ ન બિગરે શ્યામ તુમ્હારો
મોકો હોયગો દેસ નિકારો
ગારી દે દે વ્રજ કી નારી મેરી હાંસી કરેગી રે... કાના....૩
હાં હાં પાય પરું તેરે પૈયા
ડારો શ્યામ મતિ ગલ બહિયા
સૂર શ્યામ મોતીન કી માલા તૂટ પરેગી રે .... કાના...૪

# ધાર્મિક વિધિનું તાત્પર્ય

– પ્રતિક્ષા

આપણા ધર્મમાં અનેક પ્રકારની ધાર્મિકવિધિ ક્રિયાઓ પરંપરાગત રીતે ચાલી આવે છે. પરંતુ તે શા માટે કરીએ છે તેનું તાત્પર્ય ખબર ન હોય તો એને સંક્ષિપ્તમાં મહત્વ જોઈએ ?

**પ્રદક્ષિણાઃ** તમામ ઈન્દ્રિયો ભગવાનને સન્મુખ હોય છે તેથી અંતઃશત્રુઓ નાશ પામે છે સાથે સાથે શારિરીક કસરત કરવાથી ઊંઘ, આળસ અને આદિ દોષો દૂર થાય છે. પ્રદિક્ષણા ના પગલે સાચા ભાવથી કરવાથી પાપ નષ્ટ થાય છે.

**આરતીઃ** આરતીની જ્યોત દરેક ભક્ત પોતાની દ્રષ્ટિમાં ઉતારી, આરતીને મસ્તક રાખી દિવ્યજોતની દિવ્યતા અંતરમાં પણ પ્રગટે.

**ધૂનઃ** અંતઃકરણમાં રહેલા માયાના સ્પંદનો ઘટતા જાય અને તાળીના ધૂને બોલવાથી ભગવાનની કૃપા થાય. આજુબાજુ રહેલા વિઘ્નકર્તાઓ દૂર થઈ હકારાત્મક વાતાવરણ બનાવાય. ભગવાનની દિવ્યતાનો અનુભવ માટે ઉત્તમ છે.

**કંઠીઃ** આપણે તુલસીજી સૂકાઈ જાય તેથી દિવ્યતા તુલસી મણકા દોરામાં પરોવી તુલસીજીની માળા, કંઠી આપણે પહેરીએ છીએ. તે પ્રભુની શરણાગતિનું પ્રતિક છે અને તેનું ભાન કંઠી કરાવે છે.

**જયજયકારઃ** આપણે હાથ ઊંચા કરીને ભગવાનની જય બોલાવીએ છીએ જેથી આપણામાં રહેલી આળસ અને પ્રમાદનો નાશ થાય. જય શબ્દના જયજયકારથી બન્નેનો જય થાય તેવી ભાવના ઉત્પન્ન થાય છે.

**દંડવતઃ** માણસનું મોટામાં મોટું વિઘ્ન તેનો અહંકાર છે. ભક્તિમાર્ગમાં અહંકારનો નાશ કરનાર મોટામાં મોટું સાધન હોય તો સાષ્ટાંગ દંડપત પ્રણામ છે.

**તિલકઃ** મસ્તકના પ્રકંપનથી જ ઈન્દ્રિયોમાં ગતિ કરે છે. મસ્તક જેટલું વિકાર રહિતને સ્થિર હોય તેવી જ ગતિ ઈન્દ્રિયોમાં થાય. વળી જ્ઞાનતંતુઓનું વિચારક કેન્દ્ર ભ્રુકુટિને લલાટનો મધ્ય ભાગ છે તેને પવિત્ર રાખવા માટે મસ્તકનો વિકારરહિત માટે પવિત્રચંદન તથા કુમકુમનું તિલક, ચાંદલો કરવામાં આવે છે તે ઉર્ધ્વગતિની પ્રરેણા આપે છે.

**પ્રાર્થનાઃ** સાચા હૃદયે ગદ્‌ગદ્‌ કંઠે કરેલી પ્રાર્થનાથી ભગવાન રાજી થાય છે તેથી આપણા વાંક ગુનાને (ખોટા કર્મોને) માફ કરી દે છે. તે હૃદયપૂર્વક અને શુદ્ધભાવથી કરવી પડે. કોઈપણ કાર્યમાં આપણને સાથ આપી તે કાર્યને સફળતા મળે.

**કથા સાથે માળા કરવીઃ** જ્યાં સુધી મનની એકાગ્રતા ન થાય ત્યાં સુધી કથા સાંભળવા છતાં સમજાય નહી. ઈન્દ્રિયોની ચંચળતા ટાળવા માટે હાથને માળા ફેરવી એકાગ્રતા મેળવાય.

**ઉત્સવઃ** ઉત્સવથી મંદિર અને ભક્તો સર્વેને લાભ મળે છે તેથી જીવનનું આન્યતિંક કલ્યાણ થાય અને તેની પ્રસાદી આપી સર્વોને ભગવાન માફ કરે તેવી ભાવનાથી ઉત્સવ શુધ્ધ મને ઉજવાય છે.

**અન્નકૂટઃ** શ્રી કૃષ્ણ ભગવાને ગોકુલમાં ઈન્દ્રની પૂજાના વર્ષે બંધ કરાવીને ગોવર્ધનની પૂજા કરાવી. ગોવર્ધનની પૂજામાં અન્નકુટ કર્યો ત્યારથી અન્નકુટની પ્રથા ચાલુ થઈ.

**ભગવાન અને સંતોની પધરામણીઃ** સામાન્ય રીતે શુભ પ્રસંગ હોય ત્યારે જેના ઉપર હેત-પ્રિત હોય તેને પોતાની ઘરે તેડાવવાનો આગ્રહ સેવાય છે. જે ઘરે ભગવાન અને સંતોની પધરામણી થાય તે ઘર શુધ્ધ તૂલ્ય બની જાય છે. સંતના ચરણોના સ્પર્શથી કોટીજન્મોના પાપ નાશ પામશે તે ભાવે વસ્ત્ર ઓઢાડીને પરમ કલ્યાણકારી બનાવશે.

બાલાસિનોરનું ગૌરવ

## ''બાલાસિનોરની બહાદુર બેટી''

વૈષ્ણવ પરિવારનાં પિતા, માતા બ્રાહ્મણ અને દિકરી જૈન પરિવારમાં પરણી છે.

સુખમાં લહેરાતા બંને કુટુંમ્બોમાં એક દિવસ અચાનક વા-વંટોળ આવે છે. માતાની તબિયત અચાનક બગડે છે. થોડા સમયનાં નિરિક્ષણો-પરિક્ષણો બાદ જાહેર થાય છે કે માતાનું લીવર બરાબર કામ કરતું નથી, અને તેથી એને બદલાવવું પડશે. વજ્રઘાત સમો આ આઘાત બંને કુટુંમ્બો પર છવાઈ જાય છે.

બીજા પરીક્ષણોમાં દિકરીનું લીવર મેચ થાય છે તેથી માતાને નવજીવન મળી શકે તેમ છે. પણ મા વિચારે છે આ કેવી રીતે થાય ? પિતા પણ અસમંજસમાં છે, એક તરફ પત્ની છે તો બીજી તરફ દિકરી, વહાલસોઈ એકની એક દિકરી અને એ દિકરીને ત્યાં પણ એક નાની દિકરી છે. દિકરી યુવાન છે, શું કરવું ?

પણ દિકરી એકદમ સ્વસ્થ છે, નિર્ભય છે. ડૉકટરને જણાવે છે, જે થાય તે હું તૈયાર છું. એની કિંમત, એનો અડગ નિશ્ચય એની શ્રદ્ધા અને સમર્પણની ભાવના, ડોકટરની સંમતિથી આ ખૂબજ મુશ્કેલ ઓપરેશન પાર પડી જાય છે.

આજે મા પણ સ્વસ્થ છે, દિકરી પણ સ્વસ્થ છે. સમય લાગશે પણ દિકરીએ માને અર્પેલુ નવજીવન એક સુખદ યાદગાર પ્રસંગ બની રહેશે.

ચાલો આપણે બધા જ ભેગા મળીને બાલાસિનોરની આ બહાદુર બેટીને બિરદાવીએ એના સમર્પણની ભાવનાને ભાવપૂર્વક નમન કરીએ.

સાથે સાથે દિકરીનાં પતિ, સાસુ, સસરા, વિ. કુટુંબીજનોને પણ ધન્ય છે. આવો હૃદયપૂર્વકનો, નિસ્વાર્થ સહકાર આપવા બદલ ધન્ય છે. આવા કુટુંમ્બો જયાં ખરી માનવતા છલકાય છે.

આપણે સૌ પણ આજે પ્રણ લઈએ કે કુટુંબમાં કે સમાજમાં જ્યારે પણ જરૂરિયાત ઊભી થાય ત્યારે આપણે પણ આવોજ સહકાર, આવો જ અભિગમન રાખીશું.

જય બાલાસિનોર - જયહિંદ

**- એક શુભચિંતક**

## પરિક્ષા માટે બેસ્ટ ઓફ લક

**આપણા સમાજના સર્વ વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓને તમામ પ્રકારની પરિક્ષા માટે અમારા સૌના બેસ્ટ ઓફ લક. ઠાકોરજીની અસીમ કૃપા તમારા ભવિષ્યને ઉજવળ અને કારકિંદીવાન બનાવે તેવી પ્રાર્થના.**

**મંત્રીઃ ભાવેશ મોદી તંત્રીઃ બંકીમ પરીખ**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

## Balasinor Bazar - કાર્યક્રમનો અહેવાલ

તા. ૧૬-૧-૨૦૧૬ શનિવારે સાંજે ૫ વાગ્યાથી માધવબાગનું ગ્રાઉન્ડ સૌ બાલાસિનોરવાસી તથા તેમના મહેમાનોને બાલાસિનોરની ઝાંખી કરાવતું હતું. આપણા માદરેવતનની પોળ-શેરીઓ તથા મહત્વના સથળોના Photos નું એક સુંદર Collage સૌને આકર્ષિત કરતું હતું. Entrance પર સૌને એક Lucky Draw ની Coupoun તથા Free Candy Floss ની Cpupoun આપવામાં આવી હતી અને આ Candy Floss નો આનંદ આબાલ વૃધ્ધ સૌએ માણ્યો હતો. ખૂબ જ લાંબા અરસા બાદ Fun Fair આયોજીત કર્યો હોવાથી મહિલા વિભાગના Members નો ખૂબજ સુંદર સાથ સહકાર સાંપડયો હતો.

આ કાર્યક્રમ માટે સ્વ. શ્રીમતી ઈન્દુબેન ચંદ્રકાંત પરીખ (રોકડીયા) તરફથી રૂા. ૧૫,૦૦૦/-નું દાન પ્રાપ્ત થયું હતું. મહિલા વિભાગ તેમના સર્વે કુટુંબીજનોનો આભાર માને છે.

કાર્યક્રમની જાહેરાત કરતાની સાથે જોતજોતામાં ૨૭ સ્ટોલ બુક થઈ ગયા. દરેક સ્ટોલ સંભાળનારએ ઉત્સાહપૂર્વક અમને સંપૂર્ણ સાથ આપી દરેક પ્રકારે અમારી કામગીરી ઘણી આસાન કરી હતી.

Until we spread our wings we will have no idea how far we can fly.

મહિલા વિભાગના ૪૩ વર્ષના ઈતિહાસમાં કદી ન બની હોય એવી એક સરાહનીય અને પ્રશંસનીય કામગીરી એટલે ફક્ત મહિલા વિભાગના Committe Members નહિ પરંતુ તેમના Better Halves નો આ કાર્યક્રમમાં અતુલ્ય Support જેમણે Ground ની વચ્ચોવચ રાખવામાં આવેલ Coupopun Counter સંભાળવાની બિરદાવવા લાયક કામગીરી અદા કરી હતી.

DJ ના કર્ણપ્રિય સંગીત સાથે ૫ વાગે શરૂ થયેલ આ કાર્યક્રમમાં અંદાજે ૭૫૦ થી વધારે લોકોએ હાજરી આપીને આ કાર્યક્રમને ખરા અર્થમાં સફળ બનાવ્યો હતો.

દર એક કલાકે ૩ એવા Total 12 Lucky Draw ના Prizes આપવામાં આવ્યા હતા.

દરેક Stall ને બાલાસિનોરની શેરી, પોળ, મહત્વના સ્થળોના નામ આપવામાં આવ્યા હતા. ૨૭ Stalls માંથી 3 Best stall decoration ના Prizes રાખવામાં આવ્યા હતા.

૧લું ઈનામ - શંકર આઈસ્ક્રીમ.
સ્ટોલ - વી.ટેન.ગ્રુપ
વિજેતાઃ દશ બહેનોનું ગ્રુપ

બીજું ઈનામઃ પીપળાવાળી શેરી
સ્ટોલ : ઈમીટેશન જ્વેલરી
વિજેતા : તૃપ્તિ કડકીઆ,
સોનલ મોદી,
તેજશ્રી પરીખ

ત્રીજુ ઈનામ : નાગરિક બેંક
સ્ટોલઃ ડેઝર્ટ
વિજેતા : અસિતાબેન કડકીઆ

Stall holders નો ઉત્સાહ સુંદર decoration, prsentation, dress cod અને આમંત્રિતોને આકર્ષતા Stall માટે મહિલા વિભાગ આવા talented members


શ્રીમતી સાવિત્રીબેન પ્રવિણચંદ્ર ધારીઆ (લાલખા) ના જે જે શ્રી ગોકુલેશ

ધરાવવા બદલ ખરેખર ગર્વ અનુભવે છે. નવયુવક સંઘના હોદેદારોએ પણ મહિલા વિભાગને આ કાર્યક્રમમાં ખૂબ જ સાથ સહકાર આપ્યો છે તેમની તથા મહિલા વિભાગના ભૂતપૂર્વ સંયોજકોની હાજરી એ આ કાર્યક્રમને ચાર ચાંદ લગાવ્યા હતા.

લોકોએ ચટાકેદાર પાણી પુરી, ભેલ, પાઉંવડા, સમોસા, દાબેલી, ટાકોઝ, તથા ફલાફલની લિજ્જત માણીને આઈસ્ક્રીમ તથા વિવિધ deserts નો આસ્વાદ કર્યો હતો. Games ના ૮ વિવિધ Stalls પર લોકોએ ખૂબ જ હોંશથી રમીને Stall holders નો ઉત્સાહ વધાર્યો હતો. તેમ જ વિવિધ વસ્તુ વેચાણના Stalls ની વૈવિધ્યસભર વસ્તુઓની ખરીદી કરીને લોકોને તેમને પણ નિરાશ નહોતા કર્યા.

અમે અમારા બનતા તમામ પ્રયત્નો સાથે શ્રેષ્ઠ કાર્યક્રમ આપની સમક્ષ મૂકવા પ્રયાસ કર્યો હતો અને અમને એનો ખૂબ જ હકારાત્મક પ્રતિસાદ સાંપડયો છે. આથી અમારો હોસલો ઘણો બુલંદ બન્યો છે અને ભવિષ્યમાં અમે હજી વધુ સારા કાર્યક્રમો આપી શકીએ તે માટે આપ સૌના સૂચન આવકાર્ય છે. કારણ Stepping Stone to success is change.

અને અંતમાં મારા Committee Members નો ખૂબ જ આભાર કારણ તેમના સાથ અને સહકાર વગર આમાનું કશું જ શકય નથી કારણ A team is many hands & one mind.

કુપન કાઉન્ટર પર સૌએ ઉત્સાહ અને ઉમંગ પૂર્વક કામગીરી અદા કરી હતી.

**મંત્રી – ભાવેશ મોદી (ઠાસરાવાળા)**

**સંયોજક – અમી હિતેશ ધારીઆ**





## અવતાર લઈને આવી છું

- ગીતા રાજેન્દ્ર લટકારી

અવતાર લઈને આવી છું,
માનવ બનીને આવી છું,
હું અવતાર લઈને આવી છું.
પ્રભુની ભક્તિ કરવા આવી છું,
હું અવતાર લઈને આવી છું.
પ્રભુએ આપેલા જન્મનું ઋણ ચુકવવા આવી છું,
હું અવતાર લઈને આવી છું.
જીવનમાં સતકર્મ કરવા માટે આવી છું.
(સારાં) નરસાં ખોટાનાં ભેદ ઉકેલવા આવી છું.
ભેદનો ક્ષય કરવા આવી છું.
હું અવતાર લઈને આવી છું.
દયા દિનતાંનાં દ્વાર ખુલ્લા રાખીને આવી છું.
હું અવતાર લઈને આવી છું.
અજ્ઞાનતાને અંધકાર ને દૂર કરવા આવી છું,
હું અવતાર લઈને આવી છું.
'માતુભૂમિ પર રહી સમાજનાં સારા કાર્યોની લહાણ
લુંટાવાં આવી છું.
હું અવતાર લઈને આવી છું.
હું માતા પિતાના (રૂણ) ઋણ ચુકવવા આવી છું.
હું અવતાર લઈને આવી છું.
હું ભાવભર્યા પ્રેમથી, ને અંતરના સ્નેહનો
થાળ પિરસવા આવી છું.
હું અવતાર લઈને આવી છું
પ્રભુએ આપેલા સૃષ્ટિ પરનાં
જીવ માત્રની સેવાકાજે આવી છું.
હું અવતાર લઈને આવી છું.
આ 'ગીતા'ના જીવનમાં થયેલા
ક્ષતિઓની ક્ષમા માંગવા આવી છું.
હું અવતાર લઈને આવી છું હું ....
'સ્ત્રી ની શક્તિનો અવતાર એ' પ્રભુની ભક્તિ છે'. ..

શ્રી ગોકુલેશો જયતિ **૨૧મું વર્ષ**

# કાંદિવલીમાં વસતા સૌ બાલાસિનોરવાસીઓ

## ફગવા ઉત્સવ

સર્વદા સેવ્ય ચતુર્થપીઠ શ્રી ગોકુલનાથજીની અસીમ કૃપાથી કાંદીવલીમાં વસતા બાલાસિનોર વાસીઓ તરફથી **શ્રી ફગવા ઉત્સવ**નું આયોજન કરવામાં આવેલ છે. આ ફગવા ઉત્સવ સં. ૨૦૭૨ના મહા વદ-૧૨ને **રવિવાર, તા. ૬-૩-૨૦૧૬** ના રોજ **કેવલ બાગ**, કાંદિવલી ફ્લાયઓવરની નીચે, કાંદીવલી (વે), મુંબઈ-૬૭. ના મુકામે યોજવામાં આવેલ છે. શ્રી ઠાકોરજીના ખેલના દર્શન પછી **બાલાસિનોરના સર્વે વૈષ્ણવોને ઉપરોક્ત મુકામે સહકુટુંબ, દર્શનનો લાભ લેવા અને પ્રસાદ (પ્રસાદની વ્યવસ્થા ખેલના દર્શન પછી છે) લેવા પધારવા અમારૂં ભાવભર્યું આમંત્રણ છે.**

❖ ઉત્સવના મનોરથી ❖



**મિનાક્ષીબેન મહેન્દ્રભાઈ મોદી (ઠાસરાવાળા)**
**હસ્તે મહેન્દ્રભાઈ ચીમનલાલ મોદી**



❖ શોભાયાત્રા ❖

મનોરથીના નિવાસસ્થાન ૨૦૪, વસંત વૈકુંઠ, એમ. જી. ક્રોસ રોડ નં. ૪, પટેલનગરની પાછળ, કાંદિવલી (પ), મુંબઈ-૬૭. ફોન : ૨૮૦૨ ૦૫૯૪, મો : ૯૮૨૦૫ ૮૩૯૦૬ / ૯૮૨૦૦ ૧૦૭૨૯, બપોરે ૧.૩૦ કલાકે સમાજ બેસશે. તેમજ શોભાયાત્રા તેમના નિવાસ સ્થાનેથી બપોરના ૩.૦૦ કલાકે નીકળશે.

**લી. મહેન્દ્રભાઈ ચીમનલાલ મોદી, નિકેતા - સંદીપભાઈ, શીતલ - ડીમ્પલભાઈ, વૈશાલી - હેમાંશુભાઈ, ધ્રુવી, સૃષ્ટિ, શૈલ, આર્ચી ના જે જે શ્રીગોકુલેશ**

❖ ખેલના દર્શન ❖

**સાંજે ૫.૦૦ કલાકે કેવલ બાગ ખાતે શ્રી ઠાકોરજીના ખેલના દર્શન થશે. શ્રી ઠાકોરજીના ધોળ-કીર્તન તેમજ રસિયા ગવાશે. તો દરેક વૈષ્ણવોને ઉપરના દરેક પ્રસંગે ઉપસ્થિત રહીને અલભ્ય આનંદ (લાભ) લેવા વિનંતી છે.**

**લી. કાંદીવલીમાં વસતા બાલાસિનોરવાસીઓના જૈ જૈ શ્રીગોકુલેશ**

# બાલાસિનોર વિદ્યામંડળ પ્રસંસનીય દાન

૧) આપણી સંસ્થાને રૂા. ૧,૫૦,૦૦૦/- (અંકે એક લાખ પચાસ હજાર)નું માતબર દાન શ્રીમતી દિપીકાબેન પંકજભાઈ ધારીઆ (લાલખા)ના પરિવાર તરફથી ગરીબ વિદ્યાર્થીઓના લાભાર્થે પ્રાપ્ત થયેલ છે.

ન્યાસફંડની રકમના વ્યાજમાંથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક ફી, નોટબુક તથા બુક બેંક યોજના પેટે દાતાની ઈચ્છા પ્રમાણે રાહત પેટે આપવામાં આવશે.

દિપીકાબેન કારોબારી સભ્ય છે તથા તેમના પિતાશ્રી મોહનલાલ મોદી (દેવ) આપણી સંસ્થાના પ્રથમ પ્રમુખ હતા અને બાર વર્ષ સુધી તે સ્થાન શોભાવ્યું.

૨) સંસ્થાને રૂા.૨૦,૦૦૦/- નું દાન કોમ્પ્યુટરની Practical Traning Fee માટે એક અતિ ઉમદા ભાવનાશીલ દંપતી તરફથી મળ્યું છે.

નામ ન આપવાની આકરી શરતે આ દંપતી તરફથી રૂા. ૧૩,૦૦,૦૦૦/- (અંકે તેર લાખ રૂ)નું દાન અગાઉ સંસ્થાને પ્રાપ્ત થયું છે.

સંસ્થાના સૌ કારોબારી સભ્યો જ્યોતિપુંજના જાહેર માધ્યમ દ્વારા દાતા પરિવારોને જાહેરમાં આભાર વ્યક્ત કરતાં કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે અને પરમ કૃપાળુ પરમાત્માને દાતા પરિવારોના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

**જાહેર નિમંત્રણ**

**સંગીતા કિરણ દોશી વ્યાખ્યાનમાળા મણકો ૩૨**

**વક્તા :** આદરણીય કાજલ ઓઝા વૈદ્ય સાહિત્યકાર, **વિષયઃ** ''શ્રી કૃષ્ણ લીલા પરુષ'', **તારીખઃ** ૧૬-૩-૨૦૧૬, **વારઃ** બુધવાર, **સમયઃ** ૫.૩૦ થી ૭.૩૦, **સ્થળઃ** લાયન્સ કલબ હોલ, તળાવ દરવાજા, વાડાસિનોર

**સૌને હાજર રહેવા અમારું ભાવભર્યું નિમંત્રણ છે.**

**- જશવંતલાલ કોદરલાલ પરીખ**

**- પ્રમુખ - બાલાસિનોર વિદ્યામંડળ**


Chandresh Enterprise Corp. (Crompton - Schneider - Wipro)

# પ્રથમ પુણ્યતિથી
# અશ્રુભીની નયને ભાવાંજલિ

નિત્ય અમારા મનમાં ... નિરંતર અમારા હૃદયમાં..
'આજે અમારા સૌના હૈયે અને હોઠે એક જ પ્રાર્થના
જીવો અમારા હૃદયમાં, જીવો અમારા ચેતનમાં, તમે જીવો સદૈવ – સર્વદા''

અવનિમાં અવતરણ :
જન્મ : ૨૪-૬-૧૯૪૩,
જેઠ વદની સાતમ,
બાલાસિનોર,
પાયગાવાડી શેરી,
સમય : ૫.૨૮ સવારે



વૈકુંઠ ગમન : અનંતની સફરે
તા. ૨૮-૨-૨૦૧૫,
ફાગણ સુદ દસમ,
બાલાસિનોર,
કડીયાની ઢાળ

**સ્વ. શકુંતલા કિરીટકુમમાર કડકિયા (લટકારી)**

ઘરની દરેક વસ્તુમાં તારી સુગંધ છે, દિલની દરેક ધડકનમાં તારી યાદ છે.
મારાથી માનવામાં નથી આવતું કે, તું મારી સાથે હવે નથી...
– કિરીટકુમાર કડકીઆ.

**હીરાલાલ છગનલાલ કડકીઆ (લટકારી) પરિવાર**
**રમણલાલ સાકરલાલ શાહ (કકુંજી) પરિવાર**

માં તું અમારાથી દૂર ખરી પણ અમારી વચ્ચે જ છે
હજી આજે પણ આ ક્ષણે પણ
મારા હૃદયમાં તારું ગાયેલું એક હાલરડું જાગે છે.
હજુ પણ મારા માથે તારા આશીર્વાદનું
આજે પણ ઘટ્ટ આકાશ એમને એમ છે.

**અભિષેક કિરીટકુમાર કડકીયા**
**હેતલ અભિષેક કડકીઆ**
**જીજ્ઞા કલપેશકુમાર પરીખ**
**સપના નીરજકુમાર શાહ**
**રિધ્ધિ, રિધમ, હિતાંશ**

# ઈશારા

**હા પસ્તાવો ! વિપુલ ઝરણું સ્વર્ગેથી ઉતર્યું છે,**
**પાપી તેમાં ડૂબક દઈને પુણ્યશાળી બને છે.**

વિધાતાનો રચેલ માનવી જન્મ લઈને મોહમાયામાં અટવાઈ જાય છે. તારું મારું કરતો થઈ જાય છે, સારા-નસરા ના ભેદ ને ભૂલી જાય છે. પોતીકામાં, પોતાના જ સ્વજનો સાથે, સંબંધીઓ સાથે, મિત્રો સાથે પોતાના સ્વાર્થ માટે સર્વત્ર અવિવેક, અદેખાઈ, ઈર્ષા, દગાખોરી આચરતો થઈ જાય છે. જ્યાં સઘળું સારું કરતો હતો ત્યાં ખોટું આચરતો થઈ જાય છે. ખોટા કાર્યો કરતા તો કરી નાખે છે. પરંતુ જ્યારે અંદર કંઈખ ખૂંચે છે, નાનીશી વેદનાની ટશર ફૂટે છે, ખોટું કર્યાનો અજંપો થાય છે, ખોટું કર્યાનો વિચાર આવતાં જ પસ્તાવો થાય છે. ખૂબ દુઃખ થાય છે આજ પ્રાયશ્ચિત છે.

આ પ્રાયશ્ચિત જીંદગીની રાહ બદલી નાખે છે. અઘોર પાપ કરતાં અટકાવી દે છે. વિધાતા સમક્ષ નતમસ્તક થઈ જાય છે. પ્રાયશ્ચિત નામકના ઝરણાંમાં સઘળા પાપ ધોવાઈ જાય છે. અંદરનો ભાર હળવો થઈ જાય છે. ફરી પાછો સત્ય સાથેનો સેતુ બંધાય છે ફરી પાછું સદ્‌વિચારો, સત્કર્મોનું ચક્ર ચાલુ થતાં માનવીની ઉન્નતિ થાય છે. પ્રગતિ થાય છે, સદ્‌ગતિનો માર્ગ મોકળો બને છે.

વાલ્યો લૂંટારાના કુટુંબીજનોએ તેના પાપકર્મમાં સહભાગી ન થતાં તે ભાંગી પડયો, હૃદયપરિવર્તન થયું. અધર્મનો ત્યાગ કરી ધર્મ તરફ વળ્યો, સત્યનો સ્વીકાર કર્યો અને તે વાલ્મિકી કહેવાયો.

❖❖❖❖❖

# ના કહેવાય ના સહેવાય

**શરદી માટેઃ** રોજ રાત્રે સૂતી વખતે શુધ્ધસરસવનું તેલ સુંઘવાથી શરદી મટે છે.

**કફ માટેઃ** હળદર બે ગ્રામ, પાંચ તુલસીના પાન, બે લવીંગ નો ઉકાળો કરી ઠંડુ થયા બાદ સ્વાદ પ્રમાણે મધ મેળવી એક એક કપ દિવસમાં બે - ત્રણ વાર લેવું.

**ફેફસામાં કફ સૂકાઈ જાય ત્યારેઃ**

૧) સૂકા આમળા - ૫૦ ગ્રામ, જેઠી મધ ૫૦ ગ્રામ, બંનેને જુદા જુદા ખાંડીને ચૂર્ણ કરવું ને ચૂર્ણ સવાર-સાંજ બે બે ગ્રામ ગરમ પાણીમાં લેવું આ પ્રયોગ બે અઠવાડિયા સુધી કરવો.


૨) અળસી - ૨૫ ગ્રામ, અળસીને અધકચરી ખાંડી ૪૦૦ ગ્રામ પાણીમાં ઉકાળવી. ૧૨૫ ગ્રામ પાણી વધે ત્યારે મસળીને ગાળી લેવું.
૧-૧ કલાકે ૧-૧ ચમચી બે ત્રણ દિવસ સુધી લેવું.

**ટી.બી.:** લસણની બે કળી છોલી વાટી ૨૫૦ ગ્રામ દૂધમાં નાખી ઉકાળવું. માવા જેવું થવા માંડે ત્યારે સ્વાદાનુસાર ખડી સાકર નાખી સવારે ખાલી પેટે અથવા રાત્રે સૂતી વખતે બે થી ત્રણ મહિના સુધી લેવાથી આરામ થઈ જાય છે.

**નોંધઃ** ઉપર્યુક્ત પ્રયોગ આયુર્વદિક વૈદ્ય, ડૉકટરની સલાહ મુજબ કરવા.

## ચોકલેટ્સ

### ‘મં’’ થી શરૂ થતી વિગત ઉકેલો :-





૧) પરોઢ નો શ્રી જી નો ભોગ
૨) ગણપતિ નો ગણાતો દિવસ
૩) ટેસ્ટી સૂપ ની લિજ્જત માણો.
૪) લગ્નસંબંધનું પ્રતિક
૫) આખું વાતાવરણ પવિત્ર, પ્રસન્ન થઈ ગયું છે.
૬) આ ગાયિકાઓએ સિનેસૃષ્ટિમાં પગદંડો જમાવી દીધો હતો.
૭) લાલગ્રહ
૮) કોઈ વિષય, બાબતમાં સતત વિચારયુક્ત રહેવું.

જવાબ: ૧) મંગળભોગ, ૨) મંગળવાર ૩) મંચુરીયન, ૪) મંગળસૂત્ર, ૫) મંગલમય, ૬) મંગેશકર, ૭) મંગળગ્રહ, ૮) મંથનમય

## - હીંડોળા ખાટ -

### યોગ્ય શબ્દસંધાન દ્વારા યોગ્ય જોડી બનાવો



ક) વડીલોની હાજરીમાં ઘૂમટો તાણવો.
ખ) વરસાદ વરસાવનાર
ગ) મુંબઈ પહોંચવા આની ટિકીટ લઈ લીધી છે.
ઘ) આ બેમાં કંઈક વધતું ઓછું છે.
ચ) કિંમત
છ) ધ્વજમાં લહેરાતો રંગ
જ) ઘર ને હોય
ઝ) રંગ
ટ) તમારા આધારે બેઠો છું.
ઠ) ઘર હોય ત્યાં આ ખખડવાના જ
ડ) ........ તારું કંકુ ખર્યું, ને સૂરજ ઉગ્યો.

જવાબ:
૧) ૧ = ક+ઝ (લાજ, લાલ)
૨) ૨ = ખ+ચ (વાદળ, દર)
૩) ૩ = છ + ઠ (કેસરી, વાસણ)
૪) ૪ = ગ+ટ+ડ (આગગાડી, આશ, માડી)
૫) ૫ = ઘ + જ (ફરક, કમાડ)

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ

## સંચાલીત બાલાસિનોર મેડીકલ સેન્ટરના નેજા હેઠળ

તા. ૧૦ જાન્યુઆરી ૨૦૧૬ના રવિવારે સવારે ૧૦.૦૦ કલાકે વાલચંદ હીરાચંદ હોલ, ઈન્ડીયન મર્ચન્ટસ્ ચેમ્બર, ચર્ચગેટ ખાતે મેડીકલ સેમીનાર યોજવામાં આવ્યો હતો. સમારંભના વક્તા શ્રી ડૉ. ચેતન ભટ્ટ, કે જેઓ નિષ્ણાંત ગેસ્ટ્રો એન્ટ્રોલોજીસ્ટ છે. તેઓ એ પોતાની આગવી શૈલીથી લગભગ એક કલાક અને ચાલીસ મીનીટસ સુધી ખુબજ સુંદર, સરળ અને વિસ્તાર પૂર્વક રીતે આંતરડાના ગેસના ખાવના તથા પાચન શક્તિની તકલીફો પર સ્લાઈડ શો દ્વારા માર્ગદર્શન આપ્યું. ઉપસ્થિત લગભગ ૩૦૦ જણાને માટે આ સેમીનાર ખુબજ ઉપયોગી થઈ પડશે એવી આશા.

ડૉ. ચેતન ભટ્ટએ જે કોઈ બાલાસિનોર નિવાસી પોતાની કલીનીક પર મેડીકલ સેન્ટરની ચીઠ્ઠી લઈને આવશે એમને ૫૦ ટકા કન્સેસન આપવાનું વચન આપ્યું હતું.

સમારંભની શરૂઆતમાં પ્રમુખ શ્રી પંકજભાઈ ધારીઆ (લાલખાં)એ ઉપસ્થિત મહાનુભાવો, ડૉકટરો અને વડીલો સહીત સર્વેનું સ્વાગત કર્યું હતું. પુષ્પગુચ્છ થી સન્માનીત કરીને ડૉ. ચેતન ભટ્ટને મોમેન્ટો પ્રદાપર્ણ કર્યો હતો. અંતમાંકિરીટભાઈ ધારીઆએ આભાર વિધિ કરી હતી. ઉપસ્થિત સર્વે જણાને ભોજનનો લાભ આપવામાં આવ્યો હતો. આ આખા સેમીનારનો પૂરે પૂરો ખર્ચ આપવા બદલ દાતાશ્રી જયેશભાઈ રજનીકાંત શાહ (નગરશેઠ)નો ખુબ ખુબ આભાર.

**પ્રમુખ : શ્રી પંકજ ધારીઆ (લાલખા)　　　　મંત્રી : શ્રી કીરીટ આર. ધારીઆ, નીમીષ એમ. કડકીઆ.**

**ઉપરોક્ત પ્રોગ્રામની ડી.વી.ડી. રૂા. ૩૦/- અંકે રૂા. ત્રીસ લઈને મેડીકલ સેન્ટર પરથી આપવામાં આવશે.**

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

**શ્રી વાડાસિનોર દશાનિમા વૈષ્ણવો જોગ શ્રી વાડાસિનોર જ્ઞાતિના સર્વે વૈષ્ણવોને જય જય શ્રી ગોકુલેશ**

# શ્રી ફગવા ઉત્સવ

સહુ ઉત્સવનો ઉત્સવ એવો **'શ્રી ફગવા ઉત્સવ'** આ વરસમાં રંગે ચંગે ઉજવવાનું આયોજન શ્રી ગોકુલેશ સમાજે કર્યું છે. શનિવાર તા. ૧૨-૩-૨૦૧૬ના શુભ દિને આ ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવશે.

**ઉત્સવ મનોરથી :** આ ઉત્સવ મનોરથી બનવાનું સ્દભાગ્ય પ.ભ.શ્રી નટવરલાલ ભીખાલાલ શાહ (ઝાટ) તથા તેમના સમસ્ત પરિવારને સાંપડ્યું છે.

**ઉત્સવનો કાર્યક્રમ :** તા. ૧૨-૩-૨૦૧૬ને શનિવારે બપોરના ૨.૩૦ કલાકે, સમાજની કિર્તનીયા મંડળી મનોરથીના નિવાસ સ્થાન, ૫૦૧, સુજાતા અપાર્ટમેન્ટ, ઓગસ્ટ ક્રાંતી માર્ગ, કેમ્પસ કોર્નર, મુંબઈ - ૪૦૦૦૩૬, મુકામે રસીયાની રમઝટ બોલાવશે.

**કળશનો વરઘોડો :** તે જ દિવસે ૬.૦૦ કલાકે માધવબાગ, સી.પી.ટેંક, મુંબઈ - ૪૦૦ ૦૦૪, ખાતેથી શોભાયાત્રા નીકળી પરત માધવબાગ, સી.પી.ટેંક ખાતે જશે.

માધવબાગમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ મનોરથીનું સન્માન કરવામાં આવશે તેમજ શ્રી ફગવા ઉત્સવના પુરસ્કૃત દાતા શ્રીમતી સુમનબેન સુર્યકાંત શાહ તથા શ્રીમતી કુંજબાળાબેન હેમેન્દ્રભાઈ શાહ (ચકવા)નું તેમજ તેમના પરિવારજનોનું પણ સન્માન કરવામાં આવશે.

**ફગવાનો મનોરથ પ્રસાદ લેવાનો :** મુંબઈમાં તેમજ પરામાં વસતા સર્વે બાલાસિનોર દશાનિમા વૈષ્ણવો તેમજ આમંત્રિતભાઈઓ તથા બહેનો, સહકુટુંબ, સહપરિવાર માધવબાગમાં સાંજે ૭.૩૦ કલાકે પ્રસાદ ગ્રહણ કરવા અમારું ભાવભર્યું આમંત્રણ છે. આશા છે આ દરેક ઉત્સવોમાં આપ મોટી સંખ્યામાં સહભાગી થઈને પ્રસંગને દીપાવશો.

**લી. શ્રી વાડાસીનોર ગોકુલેશ સમાજ વતી**
**શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર) - પ્રમુખ**
**શ્રી મંજુલ શૈલેષકુમાર ધારીયા (હેડમાસ્તર) - મંત્રી**
**તેમજ મનોરથી**
**શ્રી નટવારલાલ ભીખાલાલ શાહ (ઝાટ)**
**યોમેશભાઈ તથા સીમાબેન અને અનીશભાઈ તથા સોનાલીબેન ના**
**જય જય શ્રી ગોકુલેશ**

# કે.એમ.જી.જનરલ હૉસ્પિટલ, બાલાસિનોર

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ, બાલાસિનોર

બાલાસિનોર કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે ટ્રસ્ટના સખાવતી દાતાશ્રીઓનો સન્માન સમારંભ તા. ૧૬-૩-૧૬ને બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકે હોસ્પિટલના પટાંગણમાં યોજવામાં આવેલ છે.

**મુખ્ય મહેમાનઃ શ્રી પ્રફુલભાઈ ઓચ્છવલાલ શેઠ**

**સન્માનીય દાતાશ્રીઓ–**

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી જ્યોત્સનાબેન ચંદ્રવદન દેસાઈ (કોલકત્તા)<br>(આઈસીયુ, બીજા તથા ત્રીજા માળની વિંગના નામકરણ માટે) | ૧૦૦,૦૦,૦૦૦/- |
| ૨. | શ્રીમતી સ્વાતીબેન અને શ્રી શરદભાઈ જયંતિલાલ કડકીઆ (યુ.એસ.એ.)<br>(આઈસીયુ સાધન દાન, મેડીકલ સ્ટોર નામકરણ, ફેકો મશીન બે સુપર ડીલક્ષ રૂમ અને ઓપરેશન મીતી તથા અન્ય સ્કીમ) | ૧૦૦,૦૦,૦૦૦/- |
| ૩. | શ્રી શશીકાંત મોહનલાલ ધારીઆ (કુણીવાલા)<br>(હોસ્પિટલ કેમ્પસના નામકરણ માટે) | ૫૦,૦૦,૦૦૦/- |
| ૪. | શર્મિષ્ઠાબેન અને ચંદ્રકાંત મણીલાલ શાહ (નગરશેઠ)<br>(સર્જીકલ આઈસીયુ અને પેડીયાટ્રીક આઈસીયુના નામકરણ માટે) | ૫૦,૦૦,૦૦૦/- |
| ૫. | શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કલકત્તાવાળા) (એક વીંગના નામકરણ માટે) | ૨૫,૦૦,૦૦૦/- |
| ૬. | ગોકલદાસ ગાંધી પરિવાર તરફથી (એક વીંગના નામકરણ માટે) | ૨૫,૦૦,૦૦૦/- |
| ૭. | અમેરીકા નિવાસી કમળાબેન અને પુનમચંદ ભીખાલાલ પરીખ (રોકડીઆ)<br>પરિવાર તરફથી (એક વિંગના નામકરણ માટે) | ૨૫,૦૦,૦૦૦/- |
| ૮. | શ્રીમતી તરૂબેન અને પ્રફુલ્લભાઈ ઓચ્છવલાલ શેઠ હ. શ્રી કામિલ પ્રફુલભાઈ શેઠ<br>(એક વીંગના નામકરણ માટે) | ૨૫,૦૦,૦૦૦/- |
| ૯. | શ્રીમતી લીલાબેન બાબુલાલ કડકીઆ હ. શ્રી દક્ષેશભાઈ,<br>શ્રી દિક્ષીતભાઈ અને શ્રી મીનીષભાઈ (જનરલ વોર્ડના નામકરણ માટે) | ૧૦,૦૦,૦૦૦/- |
| ૧૦. | મંગળદાસ સાંકરલાલ ધારીઆ (માટલી) હ. શ્રી પ્રકાશભાઈ (જનરલ વોર્ડના નામકરણ માટે) | ૧૦,૦૦,૦૦૦/- |
| ૧૧. | શ્રી રજનીકાંત મણીલાલ શાહ (નગરશેઠ)<br>હ. સુકૃતીબેન અને નિશાબેન જયેશભાઈ શાહ (કેસબારીના નામકરણ માટે) | ૧૦,૦૦,૦૦૦/- |
| ૧૨. | એક અનામી દાતા (અમેરીકા) (સુપરડીલક્ષરૂમના નામકરણ માટે) | ૭,૦૦,૦૦૦/- |
| ૧૩. | એક અનામી દાતા (અમેરીકા) (સુપરડીલક્ષરૂમના નામકરણ માટે) | ૭,૦૦,૦૦૦/- |
| ૧૪. | શ્રીમતી કમળાબેન નટવરલાલ દેસાઈ (દેડકી) પરિવાર તરફથી<br>(સુપરડીલક્ષ રૂમના નામકરણ માટે) | ૭,૦૦,૦૦૦/- |

| | |
|---|---|
| ૧૫. સ્વ. કાંતિલાલ જેઠાલાલ ધારીઆ (સુંદર સાડીવાલા) | |
| હ. ડૉ. સુમીત શૈલેષ ધારીઆ (યુ.એસ.એ.) (સુપરડીલક્ષ રૂમના નામકરણ માટે) | ૬,૨૦,૦૦૦/- |
| ૧૬. સહયોગ કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી. બાલાસિનોર (સેમીડીલક્ષ રૂમના નામકરણ માટે) | |
| હ. શ્રી મનોજભાઈ મંગળભાઈ પટેલ (ચેરમેનશ્રી) | ૫,૧૧,૧૧૧/- |
| ૧૭. શ્રી રમણીકલાલ લલ્લુભાઈ ધારીઆ હ. શ્રી નીખીલભાઈ, | |
| શ્રી ચેતનભાઈ (સેમીડીલક્ષ રૂમના નામકરણ માટે) | ૫,૦૦,૦૦૦/- |
| ૧૮. શ્રી નિશિથ રસિકલાલ ધારીઆ (દલાલ) (સેમીડીલક્ષ રૂમના નામકરણ માટે) | ૫,૦૦,૦૦૦/- |
| ૧૯. શ્રીમતી શકુંતલાબેન સુરેન્દ્રભાઈ ગાંધી | |
| હ. શ્રી અનીશ સુરેન્દ્ર ગાંધી (સેમીડીલક્ષ રૂમના નામકરણ માટે) | ૫,૦૦,૦૦૦/- |
| ૨૦. શ્રી કૌશીકભાઈ શાંતિલાલ શાહ (ચોક્સી) (સેમીડીલક્ષ રૂમના નામકરણ માટે) | ૫,૦૦,૦૦૦/- |
| ૨૧. શ્રી મયંકકુમાર રજનીકાંત કડકીઆ (ચોક્સી) (સેમીડીલક્ષ રૂમના નામકરણ માટે) | ૫,૦૦,૦૦૦/- |
| ૨૨. શ્રી કાર્તિકભાઈ રસિકલાલ કડકીઆ (સેમીડીલક્ષ રૂમના નામકરણ માટે) | ૫,૦૦,૦૦૦/- |
| ૨૩. શ્રી વ્રજેશ અને જતીન નવનીતલાલ દેસાઈ (સેમીડીલક્ષ રૂમના નામકરણ માટે) | ૫,૦૦,૦૦૦/- |
| ૨૪. શ્રીમતી નર્મદાબેન ચીમનલાલ મોદી | ૫,૦૦,૦૦૦/- |
| ૨૫. શ્રીમતી ચીમનલાલ નાથજીભાઈ મોદી હ. નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કોલકત્તાવાળા) તરફથી | |
| (શ્રી નીરંજનભાઈ ચીમનલાલ મોદીના પૌત્રી તિતિક્ષાના લગ્ન પ્રસંગ નિમિત્તે) | ૫,૦૦,૦૦૦/- |
| ૨૬. શ્રી રજનીભાઈ ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા) | ૩,૫૦,૦૦૦/- |
| ૨૭. શ્રીમતી કોકીલાબેન વસંતભાઈ શાંતિલાલ પરીખ | |
| (કુવાવાળા) (સેમીડીલક્ષ રૂમના નામકરણ માટે) | ૨,૫૦,૦૦૦/- |
| ૨૮. શ્રીમતી હેમાબેન વિનિતભાઈ મોદી (દેવ) તથા શ્રીમતી શીલ્પાબેન ઉર્વીશભાઈ મોદી (દેવ) | ૨,૫૦,૦૦૦/- |
| ૨૯. શ્રીમતી પ્રેરણાબેન પરેશભાઈ પરીખ (દુધવાળા) | ૨,૫૦,૦૦૦/- |
| ૩૦. શ્રીમતી ઈન્દુબેન જયંતિલાલ પરીખ (બખલી) | ૨,૫૦,૦૦૦/- |
| ૩૧. શ્રીમતી મીનાક્ષીબેન રાજેન્દ્રભાઈ દેસાઈ (લાટવાળા) | ૨,૫૦,૦૦૦/- |
| ૩૨. શ્રી પંકજભાઈ કાંતીલાલ ધરીઆ (લાલખા) | ૨,૧૧,૧૧૧/- |
| ૩૩. શ્રીમતી એલીન જયંત કડકીઆ (યુ.એસ.એ.) | ૨,૦૦,૦૦૦/- |
| ૩૪. એક અનામી દાતા | ૨,૦૦,૦૦૦/- |
| ૩૫. શ્રીમતી કલ્પનાબેન અને શ્રી કિરીટકુમાર કીરતનલાલ ધારીઆ (કેલગરી કેનેડા) | ૧,૪૫,૦૦૦/- |
| ૩૬. શ્રી સુકેતુ નવીનચંદ્ર પરીખ | ૧,૨૫,૦૦૦/- |
| ૩૭. શ્રીમતી નયનાબેન રાજેન્દ્રકુમાર ધારીઆ (મુછારી) હ. શ્રી રાજેન્દ્રકુમાર | ૧,૦૧,૧૧૧/- |
| ૩૮. એક શુભેચ્છક દાતા | ૧,૦૦,૦૦૦/- |
| ૩૯. શ્રી રસીકલાલ મુળજીભાઈ દેસાઈ | ૧,૦૦,૦૦૦/- |

| | |
|---|---|
| ૪૦. શ્રી બીપીન વઝરાની હ. તારો વઝરાની | ૧,૦૦,૦૦૦/- |
| ૪૧. શ્રીમતી સુર્યાબેન રમેશચંદ્ર શાહ (હાથીખાનાવાળા) | ૧,૦૦,૦૦૦/- |
| ૪૨. શ્રીમતી સ્મીતાબેન અરવિંદભાઈ પરીખ (દુધવાળા) | ૧,૦૦,૦૦૦/- |
| ૪૩. શ્રી જીતેન્દ્રભાઈ કીરતનલાલ શાહ (વસનજી) (પુનાવાળા) | ૧,૦૦,૦૦૦/- |
| ૪૪. શ્રીમતી વિભાબેન પરેશભાઈ કચરાલાલ દોશી હ. શ્રી કચરાલાલ દોશી | ૧,૦૦,૦૦૦/- |
| ૪૫. શ્રીમતી સોનલ જતીન અમીચંદભાઈ શાહ હ. શ્રી કચરાલાલ દોશી | ૧,૦૦,૦૦૦/- |
| ૪૬. શ્રી શશીકાંત ચીમનલાલ ધારીઆ (દલાલ) | ૧,૦૦,૦૦૦/- |
| ૪૭. શ્રીમતી કલ્પનાબેન કીર્તીકુમાર કડકીઆ | ૧,૦૦,૦૦૦/- |
| ૪૮. ધી અર્નેસ્ટ એન્ડ યંગ ફાઉન્ડેશન હ. શ્રી રાજેશભાઈ શાંતિલાલ કડકીઆ (સી.એ.) | ૧,૦૦,૦૦૦/ |
| ૪૯. શ્રીમતી માલતીબેન તથા કિરીટકુમાર કાંતિલાલ શાહ (એફણી) હ. સચિન શાહ (યુ.એસ.એ.) | ૧,૦૦,૦૦૦/- |
| ૫૦. શ્રીમતી અમિતા અને શ્રી ધીરેન મુળજીભાઈ ગાંધી (યુ.એસ.એ.) | ૧,૦૦,૦૦૦/- |
| ૫૧. શ્રી રાજુલભાઈ મોહનલાલ પરીખ (લાય) | ૧,૦૦,૦૦૦/- |
| ૫૨. શ્રીમતી તારાબેન નટવરલાલ દેસાઈ હ. સતીષ નટવરલાલ દેસાઈ | ૧,૦૦,૦૦૦/- |
| ૫૩. શ્રી નીખીલ બાબુલાલ પરીખ (લાય) તેમના પુત્ર ડૉ. રોનીલના લગ્ન પ્રસંગ નીમીત્તે | ૧,૦૦,૦૦૦/- |

સન્માનનીય દાતાશ્રીઓનું ગૌરવ વધારવા અને સમારંભની શોભામાં અભિવૃધ્ધિ કરવા આ પ્રસંગે મુંબઈવાસીઓ તેમજ બાલાસિનોરવાસીઓને મોટી સંખ્યામાં હાજર રહેવા જાહેર આમંત્રણ છે.

**સુપર સ્પેશ્યાલીટી સેન્ટર માટે નવા નોંધાયેલા દાન/વચન**

| | |
|---|---|
| ૧. શ્રીમતી કમળાબેન નટવરલાલ દેસાઈ (દેડકી) પરિવાર તરફથી સુપર સ્પેશ્યાલીટી સેન્ટરના સુપર ડીલક્ષ રૂમના નામકરણ માટે દાન મળેલ છે. | ૭,૦૦,૦૦૦/- |
| ૨. શ્રીમતી નર્મદાબેન ચીમનલાલ મોદી (સેમીડીલક્ષ રૂમના નામકરણ માટે) | ૫,૦૦,૦૦૦/- |
| ૩. શ્રી ચીમનલાલ નાથજીભાઈ મોદી હ. શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કોલકત્તાવાળા) તરફથી ( શ્રી નિરંજનભાઈ ચીમનલાલ મોદીની પૌત્રી તિતિક્ષાના લગ્ન પ્રસંગ નિમિત્તે) (સેમીડીલક્ષ રૂમના નામકરણ માટે) આ સાથે શ્રી નવીનકાકા (કોલકત્તાવાળા) તરફથી આપણી હોસ્પિટલને કુલ મળેલ દાન રૂા. એક કરોડ થઈ ગયેલ છે. | ૫,૦૦,૦૦૦/- |
| ૪. શ્રી વ્રજેશ અને જતીન નવનીતલાલ દેસાઈ (સેમીડીલક્ષ રૂમનાનામકરણ માટે) | ૫,૦૦,૦૦૦/- |
| ૫. શ્રીમતી નયનાબેન રાજેન્દ્રકુમાર ધારીઆ (મુછારી) હ. શ્રી રાજેન્દ્રકુમાર | ૧,૦૧,૧૧૧/- |
| ૬. શ્રી નીખીલ બાબુલાલ પરીખ (લાય) તેમના પુત્ર ડૉ. રોનીલના લગ્ન પ્રસંગ નીમીત્તે | ૧,૦૦,૦૦૦/- |
| ૭. શ્રી રજનીભાઈ ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા) તરફથી નું વધુ દાન/ વચન મળેલ છે. તેઓશ્રી તરફથી આપણી આ હોસ્પિટલને કુલ મળેલ દાન રૂા. ૧૦ લાખથી વધુ થયેલ છે. | ૧,૦૦,૦૦૦/- |

**મળેલ સાધનદાનઃ**

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, બાલાસિનોર શાખા તરફથી ચાલુ વર્ષે દર્દીઓના હિતાર્થે વ્હીલચેર નંગ ૫ તથા સ્ટ્રેચર નંગ ૫ સાધનદાનમાં મળેલ છે.

હોસ્પિટલમાં તા. ૧-૧૨-૧૫ થી ૩૧-૧૨-૧૫ દરમ્યાન થયેલ કામગીરી

૧. સર્જીકલ ઓપરેશનો : ૪૧

૨. ગાયનેક ઓપરેશનો : ૬૩

૩. નેત્ર ઓપરેશનો - ૧૫૨

૪. કુલ ઓપીડી દર્દીઓ - ૮૬૦૨

૫. ડીલીવરી - ૭૦

૬. ઈકો કેમ્પઃ તા. ૩-૧-૧૬ ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૩૩ દર્દીઓએ લાભ લીધેલ. રાહત દરથી ઈકો કરવામાં આવેલ છે.

**માનદ્‌મંત્રીઓ : શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નિતિન પરીખ**

## બાલાસિનોર નવયુવક સંઘ
## નોટબુક રાહત યોજના
### મનોજભાઈ, અમરીશભાઈ કચેરીયા
### કન્સેશનલ નોટબુક યોજના

નોટબુક છપાવવા માટે ટેન્ડર મંગાવવામાં આવેલ છે. ઈચ્છુક નોટબુક ડીલરોને વિનંતી કે સંયોજકનો સપર્ક કરે અને નોટબુક વિષે માહિતી મેળવીલે. તેઓએ પોતાની ઓફર ‘સીલ્ડ’ (Sealed) કરવામાં સંસ્થાની ઓફીસમાં તા. ૨૮-૨-૧૬ પહેલા જમા કરાવવાની રહેશે.

**નોંધઃ નોટબુક સાઈઝ A4 ઝમ્બો રહેશે.**

**નોટબુક પાનાં ૫૪ Gram રહેશે.**

**નોટબુક કવર પેજ સાથે ૧૮૪ પાના ના રહેશે.**

**સંયોજક : જીતેન્દ્ર પ્રવિણચંદ્ર પારેખ- ૯૮૬૯૦૦૨૪૪૦**

**- મંત્રી ભાવેશ મોદી**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની છઠ્ઠી બેઠક તા. ૨૯-૧-૨૦૧૬ શુક્રવારના રોજ શ્રી મોહનલાલ સાકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ સંસ્થાની ઓફિસ ખાતે મળી હતી.

પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી જસ્મીન શેઠે ગત મીટીંગનું વાંચન કર્યું હતું તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

શ્રીમતી મીનાબેન સુધીરભાઈ (રંગુનવાળા) પુરસ્કૃત ઉપનગર વિભાગના સંયોજક શ્રી વસંત દેસાઈએ એમનો પ્રથમ પ્રોગ્રામ દાંડીયા રાસનો હિસાબની રજુઆત કરી હતી તે પસાર કરવામાં આવી હતી. વધુ માં તેમણે જણાવ્યું હતું કે બીજો પ્રોગ્રામ ગુજરાતી નાટક તા. ૨૭-૩-૨૦૧૬ના રોજ રવિવારે સવારે ૮.૩૦ કલાકે પ્રબોધન ઠાકરે ખાતે રાખવામાં આવ્યો છે.

શ્રી મનોજભાઈ, શ્રી અમરીષભાઈ કન્સેશનલ રેટ નોટબુક યોજના તથા શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) રાહત નોટ બુક યોજનાના સંયોજક શ્રી અજય દોશી એ એમનો વાર્ષિક અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી શાંતાબેન કાન્તીલાલ લાલચંદ દોશી પુરસ્કૃત મહિલા વિભાગના સંયોજક શ્રીમતી અમીબેન ધારીઆએ એમનો વાર્ષિક હિસાબ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ પુરસ્કૃત વાર્ષિક રસોત્સવના સંયોજક શ્રી અજય દોશીએ તેમનો હિસાબ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) અને તેમના પરિવારજનો પુરસ્કૃત દિવાળી પર્વ આર્થિક રાહત યોજનાના સંયોજક ગેરહાજર હોવાથી મંત્રી શ્રી ભાવેશ મોદી એ તેમનો હિસાબ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત ચાલો બાલાસિનોરના સંયોજક ગેરહાજર હોવાથી ઉપપ્રમુખ શ્રી સૌમિલ મોદીએ હિસાબની રજુઆત કરી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

ગીરીપુજા કોકીલાબેન પ્રવીણચંદ્ર પુનમચંદ બીનચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) જનતા ફી સહાય યોજના ના સંયોજક શ્રી સમીર ગાંધીએ રજૂઆત કરી હતી. આ વર્ષે વધુ માંગ આવવાથી વધુ બજેટની માગણી કરી હતી તે ચર્ચા વિચારણા બાદ પસાર કરવામાં આવી હતી.

કુલ ૩ લાઈફ મેમ્બરશીપની નવી અરજીઓ આવી હતી જેમના નામ નીચે મુજબ છે. પુરવ હરીશ ગાંધી, શ્રીમતી પ્રજ્ઞાબેન સુરેશચંદ્ર દેસાઈ તથા રીન્કુ પ્રવિણ પરીખ (રોકડીયા) તે પસાર કરવામાં આવી હતી.

કુલ ૬ લીવ ની અરજીઓ આવી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

**– મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

## જાણવા જેવું

**- શેફાલી ધારીયા**

કોણ નથી જાણતું કે દિવસમાં ૮-૧૦ ગ્લાસ પાણી લેવું જરૂરી છે, પરંતુ એને અમલમાં મુકવું અઘરું છે ખાસ કરીને શિયાળાની ઋતુમાં મોટા ભાગના લોકોને તરસ ન લાગવી એ એક સામાન્ય ફરિયાદ હોય છે. તો જાણીયે કે પાણી ફક્ત પાણી રૂપે જ નહી પરંતુ વિવિધ પ્રકારે પી શકાય...

૧. બારીક સમારેલી લીલી ચાહ, ફૂદીનો અને છીણેલુ આદુ ૧ લીટર પાણીમાં ઉકાળી, ગાળી ગ્રીન ટી તરીકે લઈ શકાય.

૨. લીંબુની સ્લાઈસ અને ફૂદીનાના પાન પાણીના જગમાં નાખી રાખવાથી પાણીનો સ્વાદ તાજગીભર્યો થઈ જાય છે.

૩. પાતળી છાશ થરમસમાં ભરી રાખવાથી ખટાશ બેસતી નથી.

૪. મગ અથવા દાળનું પાણી, કે પછી શાકભાજીનો સૂપ લેવાથી પણ પ્રવાહીનું પ્રમાણ વધારી શકાય.

**ખાસ નોંધ:** કોઈપણ જમણ કે નાસ્તો ખાવાના ૩૦મી. પહેલા અને ૩૦ મી. પછી જ પાણી પીવાથી ખોરાકનું સારી રીતે પાચન થાય છે.

**રજિસ્ટર્ડ ડાયટીશીયન**
**shefalidharia@gmail.com**

**સુધારોઃ**

- ગતાંકમાં સૂર્ય નમસ્કાર લેખમાં અમુક આસનની વિગત સામે ફોટા ખોટા ક્રમમાં છપાયા છે અને ચિત્રમાં ક્રમાંક દર્શાવ્યા નથી. સાચી સમજ માટે યોગ નિષ્ણાંત પ્રેરણા સુનીલ શાહ (વડોદરાવાળા) નો સંપર્ક કરવો.

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

- **કિરીટકુમાર હિરાલાલ કડકીઆ (લટકારી)**
  ઘરનો : ૨૩૬૨૪૦૧૩,
  મોબાઈ : ૯૨૨૦૪૬૧૯૨૭
  અભિષેક કિરીટકુમાર કડકીઆ
  મોબાઈ: ૯૯૨૦૯૭૧૯૮૨,
  હેતલ અભિષેક કડકીઆ
  મોબાઈ: ૯૭૬૯૪૯૬૬૭૯
- **જગદીશ એમ. શાહ**
  **આશીત જે. શાહ**
  ૧૫૦૨, સી વિંગ, સેન્ટ્રલ એવન્યુ,
  ડૉ. ડી.બી.માર્ગ, મુંબઈ - ૪૦૦૦૦૮
- **Meena & Vijay Dharia**
  1468, Green Lake Drive,
  Aurora IL 60504 (U.S.A.)
  1-319 - 266 - 2483 (R)
  1-319 - 830 - 4955 (V)
  1-319 - 830 - 4867 (M)

### તેજસ્વી તારલા

- શચી બંકીમ પરીખ (જુનાગઢવાળા) સી.એ. ફાઈનલની પરિક્ષામાં ઉત્તીર્ણ થયા છે
- રૂચી હિતેશ પરીખ (જુનાગઢવાળા) સી.એ. ફાઈનલની પરિક્ષામાં ઉત્તીર્ણ થયા છે.

**સંસ્થાવતી અભિનંદન**

### મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| અનીષભાઈ ચંદ્રકાંત દેસાઈ | ૫૮ |
| કંચનલાલ ચીમનલાલ કડકીઆ (ફાડીયા) | |
| અરૂણાબેન દિનકરલાલ શાહ (ચકવા) | ૭૪ |
| પલ્લવી જયંતીલાલ મોદી (ગોધરાવાલા) | ૭૨ |
| રજનીભાઈ ઓચ્છવલાલ શાહ (શેહરાવાલા) | ૮૨ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**